

## સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

*'ફી' ના પતંગે શિક્ષણની પાંખ કપાઈ ગઈ!*
*વેપારી વૃત્તિથી મૂલ્યોની સાંખ કપાઈ ગઈ!*
*કાંખ કપાઈ ગઈ 'મા' સમી સુખદ શાળાની -*
*સંચાલકોની કરૂણાભરી આંખ કપાઈ ગઈ!*

હાઈકુ

*દસની નોટ,*
*દસ પૈસાની તોલે -*
*રડે વિકાસ!*
*(જીડીપી ઘટયો)*

*બાર ખાતાં નો,*
*ખડકલો જોઈને -*
*જાગી 'ઝંખના'*
*(સત્તા લાલસા - ઈર્ષા ?)*

### ચિંતન

*ન દૈવસ્ય પ્રમુંચન્તિ સર્વભૂતાનિ દેહિનઃ ।*

**ઉપરોક્ત શ્લોક રામાયણમાંથી લેવામાં આવેલ છે.**

**દેહધારી બધાં પ્રાણીઓ નસીબમાંથી છૂટી શકતાં નથી.**

**પૂર્વજન્મોનાં કર્મથી ભાગ્ય વિધાતા 'નશીબ'ની રચના કરી કરેલાં સત્-કર્મો કે દુષ્કર્મોનું ફળ ભોગવવા માટે જન્મ જન્માંતરની રચના કરે છે.**

**માનવ દેહથી કરી પ્રાણી દેહે પણ 'નશીબ' જોગ કર્મફળ ભોગવવાં જ પડે છે માટે પુણ્ય-ભક્તિ અને નશીબ રૂપી ઈશ્વરનો ડર રાખી સત્કર્મો કરો.**

### સુવિચાર

- આજનો માણસ જેમ જે મોટો થતો જાય છે તેમ તેમ એની છાયાનો વ્યાપ ઘટતો જાય છે,
 શીતળતા આપવાની એની ક્ષમતા ઘટતી જાય છે,
 લાગે છે કે વડલાને બદલે એ તાડ બની ગયો છે - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- ક્રૂરતા, હિંસા, સ્વાર્થ ન હોય છતાં પરપીડન વગેરેમાં રાચવું તે જ નીચ લોક છે - **ભગવદ્ગીતા**
- જયાં નહીં જેનું પારખું, ત્યાં નહીં તેનું કામ, ધોબી વિચારો શું કરે ? જયાં દિગમ્બરોનું ગામ - **એસ. ભટ્ટાચાર્ય**
- ક્રિયાથી મોક્ષ નહીં થાય, સમજણથી મોક્ષ છે, ક્રિયાનું ફળ સંસાર છે - **દાદા ભગવાન**
- આપણે છૂટવું હોય તો આપણે હરિફાઈમાં ન રહીએ, હરિફાઈમાં હોઈએ ત્યાં સુધી સામો એના દોષ સંતાડે અને આપણે આપણા - **કાંતિ ભટ્ટ**
- માનવી સિંહ જેવો હોય તો પણ તેની ગરજ જરૂરિયાત તેને શિયાળ બનાવી દે છે - **પર્શિયન કહેવત**
- આજનું ઔષધ : પંચગુણ તેલનો કમરમાં માલીશ કરવાથી કમરના દુખાવામાં રાહત થાય છે.

*(સંકલન : દિપક વી. આશરા)*

### બોધકથા

સંત દાદુ દયાલ એમની સાદગી અને સહનશીલતા માટે પ્રખ્યાત હતા. એક વાર એક પોલીસ અધિકારીને થયું કે આજે હું પણ દાદુ દયાલના દર્શન કરું. ઘોડો લઈ અધિકારી નીકળ્યો અને રસ્તામાં એક થીગડાવાળો ઝભ્ભો પહેરેલો વૃદ્ધ છોડને પાણી પીતા હતા એમને અધિકારીએ પૂછ્યું, 'ઓ... ડોસા... સંત દાદુ દયાલનું ઘર કયાં છે?' એ વૃદ્ધ સંત દાદુ દયાલ હતા. પણ તેઓ એ કંઈ જવાબ ન આપ્યો. અને વૃક્ષોને પાણી સીંચવામાં મગ્ન રહ્યાં.

પોલીસ અધિકારીએ સંતને ખૂબ ગાળો દીધી. 'બહેરા ડોસાને કંઈ ખબર પડતી નથી.' વગેરે ઘણી ખોટી સંભળાવી. આગળ વધ્યો.

એક યુવાન અધિકારી ને મળ્યો તેણે કહ્યું, 'ચાલો હું તમને સંત દાદુ દયાલ પાસે પહોંચાડી દઉં.' એમ કહી યુવાન અધિકારીને પાણી સીંચતા વૃદ્ધ પાસે લઈ ગયો.' અધિકારી છોભીલો પડી ગયો અને સંતના પગમાં પડી માફી માંગવા લાગ્યો. અને તેણે કહ્યું, 'સંત, મને માફ કરજો, હું તમને જેમ ફાવે તેમ બોલ્યો, આપનું અપમાન કર્યું, દિલ દુખાવ્યું હું તો તમને ગુરુ બનાવવા આવ્યો છું.'

સંતે કહ્યું, 'લોકો માટલું ખરીદતા પહેલા ટકોરા મારીને ચકાશે છે. તેમ એમ સમજજો કે મને ગુરુ બનાવતાં પહેલાં મારી પરીક્ષા કરી કે હું ગુરુ બનાવવાને લાયક છું કે નહીં?' પોલીસ અધિકારી સંતના ચરણ સ્પર્શ કર્યા અને ગુરુ સ્વિકાર્યા.

# જેલમાં લાલુ સવા લાખનો

તંત્રીસ્થાનેથી...

લાલુપ્રસાદ યાદવને ચારા કૌભાંડ નિમિત્તે સીબીઆઈ કોર્ટે વધુ એક સજા સંભળાવી છે. સાડા ત્રણ વરસની જેલ અને દસ લાખ રૂપિયા દંડ. દંડ ન ભરે તો વધુ છ માસની સજા. લાલુ માટે હવે જેલ એ બીજું સરનામું બની ગયેલ છે. ટુકડે ટુકડે ખાસ્સા દશેક મહિનાથી વધુ સમય એમણે જેલમાં પસાર કર્યો છે. જેલમાં રહીને એ ઊલટાના વધારે પાવરફુલ બનતા રહ્યા છે. અગાઉ વર્ષો પહેલાં ચારા કૌભાંડ નિમિત્તે ગાદી છોડવી પડી ત્યારે તેઓએ પોતાની મુખ્યમંત્રીની જવાબદારી અલ્પશિક્ષિત જીવનસંગિનીને સોંપી હતી. ભરતે ચૌદ વર્ષના વનવાસે ગયેલા રામચંદ્રજીની પાદુકાઓ પધરાવીને રાજ વહીવટ સંભાળેલો એમ રાબડી દેવીએ આદર્શ પતિવ્રતા પત્ની તરીકે પતિ પાસેથી જરૂરી આજ્ઞાઓ મેળવતાં રહી મુખ્યમંત્રી તરીકે ફરજ બજાવી હતી. આ તો બિહાર છે. લાલુપ્રસાદ યાદવ બિહારના છોરું છે. યાદવ બચ્ચા છે - એમની પાસે પ્રતિકૂળતાઓ સામે ઝીંક ઝીલવાની અદ્ભુત આવડત છે. છેલ્લે એમને ચૂંટણી લડવા માટે જ ગેરલાયક ઠેરવી દેતાં તેઓએ આખા પરિવારને બિહારના રાજકારણમાં ઉતારી દીધો હતો. જામીન પર રહીને તેઓ મોદી સામે ઝીંક ઝીલતાં રહ્યાં ; મહાગઠબંધન માટેની ભૂમિકા રચતા રહ્યા. સોનિયા ગાંધી સાથે વફાદારીપૂર્વક ટકી રહ્યા. બિહારની વિધાનસભાની ચૂંટણી નીતીશકુમાર જેવા દુશ્મન અને જુનિયરને સાથે રાખીને જ નહીં બલકે એમને મુખ્યમંત્રી પદના ઉમેદવાર તરીકે સ્વીકારીને લાલુ જ લડી શકે. વળી બેઠકો તો જદ(યુ) કરતાં પણ લાલુની રાષ્ટ્રીય જનતા દળના ફાળે જ વધુ ગઈ હતી, છતાં એમને નીતીશને ઉદારતાપૂર્વક મુખ્યમંત્રી બનાવ્યા અને ચલાવ્યા અલબત્ત તેજસ્વી યાદવને નાયબ મુખ્યમંત્રી બનાવવા પાછળ એમનો સ્પષ્ટ સંકેત હતો. આગામી લોકસભાની ચૂંટણી વખતે તેઓ નીતીશકુમારને કેન્દ્રમાં મોકલી બિહારનું સામ્રાજય તેજસ્વી, તેજપ્રતાપ અને મિસાકુમારીની ત્રિપુટી હસ્તક કરવા માંગતા હતા. ચતુર નીતીશકુમારને નરેન્દ્ર મોદી સામે ભિડાવવાનો એમનો વ્યૂહ સમજાઈ ગયો હતો. વળી પોતાની હૅસિયતનો પણ તેઓને અહેસાસ થઈ ચૂકયો હતો. તેજસ્વી યાદવ સામે કૌભાંડની ચર્ચા શરૂ થતાં જ નીતીશે મોદી સાથે છાનગપતિયાં કરી ભાજપના સહકારથી સરકાર રચવાનું ગોઠવી દીધું. લાલુને પીઠમાં ખંજર ભોંકાયું હોય એવું લાગ્યું હતું પણ એમને વિપક્ષમાં બેઠા વગર છૂટકો જ ક્યાં હતો ? તેજસ્વી અને મિસાકુમારી - બેઉ સામે ગંભીર તપાસ ચાલી રહી છે. લાલુપ્રસાદને અદાલત દ્વારા સજા થઈ ચૂકી છે અને કાયમી જામીન મળવા મુશ્કેલ છે. જો કે હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના દરવાજા ખુલ્લા છે પણ એ બધી અપીલો ચાલતાં વર્ષો નીકળી જવાના છે. પ્રજા એના લોકપ્રિય નેતા વિરુદ્ધ ચાલી રહેલી આ ન્યાયિક કાર્યવાહી સંદર્ભે પણ શંકા ન કરે તો જ નવાઈ. કદાચ ચારા કૌભાંડમાં લાલુ દોષિત છે, એ વાત પ્રજા સ્વીકારી પણ લે ; પણ પછી તરત બીજો સવાલ આવે છે : આ દુનિયામાં કયો રાજકીય આગેવાન દૂધે ધોયેલો છે ? શું નીતીશકુમાર અને નરેન્દ્ર મોદી જ હરિશ્ચંદ્રના અવતાર છે ? હવે જયારે જાહેર જીવનમાં ભ્રષ્ટાચાર એક અનિવાર્ય શિરસ્તો બની ચૂક્યો છે ત્યારે ફક્ત સામે પડનારા નેતાઓને જ સીબીઆઈનો ડાઘિયો કે ઈન્કમટેક્ષનો એરું આભડે તે કેવું ? શું સત્તાધારી પક્ષમાં બધા જ ચોખ્ખા નેતાઓ છે ? બિહારની પ્રજામાં - સવિશેષ લાલુ સમર્થક સર્વહારા - દલિત, વંચિત, શોષિત નીચરા થરના લોકોમાં આ સવાલ ઘૂમરાઈ રહ્યો છે, જે ચૂંટણી આવતાં સુધીમાં જેલમાં બેઠેલા લાલુની પાર્ટીને બિહારની સત્તા સોંપી બેસે તો ભાગ્યે જ કોઈને નવાઈ લાગશે.

# બાળકને વિનય અને સંસ્કારનું શિક્ષણ ઘરમાંથી જ મળે છે



અદબ-પલાંઠી મોં પર આંગળી

ડૉ. સંતોષ દેવકર

'આ શું બનાવ્યું છે ?' 'ઓહ....મમ્મી..... આ કઢી તો બહુ ખરાબ છે.' બાળક મોટેથી બરાડી ઉઠયો. 'સોરી... આઈ એમ. સોરી... બેટા....' મમ્મીએ દિલગીરીપૂર્વક કહયું. 'ના..... મારે નથી ખાવું.' બાળકે તોફાન શરૂ કર્યું.

'બેટા... પ્લીઝ... આજે હું....!' આટલું બોલતાં તો મમ્મીની આખો ભીની થઈ ગઈ. મમ્મી આજે ખૂબ થાકી ગઈ હતી. આજે સવારથી જ તબિયત પણ સારી નહોતી. નોકરી પરથી ઘરે આવતાં ખૂબ મોડું થઈ ગયું હતું. તેમ છતાં ઝડપથી હાથ પગ ધોઈ રસોઈ બનાવવા મંડી પડી હતી. પપ્પા પણ આજે ઘરે મોડા આવ્યા હતા. બાળકને ખૂબ ભૂખ લાગી હતી. પપ્પા સાથે જમવા બેઠો હતો. મમ્મી એ બન્નેને થાળી પીરસી હતી અને ગરમ -ગરમ રોટલી બનાવીને બન્નેને જમાડતી હતી અને બાળક મોટેથી બરાડી ઉઠયો, 'કઢી બહુ ખરાબ છે મારાથી ખવાશે નહિ.' પપ્પાએ બાળક તરફ જોયું ને શાંતિથી કહયું, 'જો, બેટા બૂમો પાડવાની જરૂર નથી. હું પણ કઢી ખાઈ રહયો છું. જો તને કંઈક ઓછું વત્તું જણાય તો તેમાં મીઠુ-મરચું-લીંબુ નાખીને તને ભાવે તેવી બનાવી લે.'

પપ્પાના કહેવાની બાળક પર અસર થઈ. તેણે શાંતિપૂર્વક કઢી ખાઈ લીધી. હવે પત્ની જમવા બેઠી તેને ખબર પડી કે કઢીમાં મીઠું કે મરચું નાખવાનું પોતે ભૂલી જ ગયેલી. તેણે પતિને પૂછયું કે, 'ખરેખર કઢી સ્વાદહીન છે. તો તમે કેમ કાંઈ બોલ્યાં નઈ?' ત્યારે પતિએ કહયું કે, 'દીકરો મોટો થશે ત્યારે તેને કઢીના સ્વાદ વિશે કંઈ યાદ નહીં હોય,પરંતુ તેને મારા શબ્દો અને વર્તન હંમેશા યાદ રહેશે.'

બાળકની સૌથી મોટી ટેકસબુક મા-બાપનું તેની સામેનું વર્તન છે. પોતાના કુટુંબ પાસેથી બાળક જેટલું અને જેવું શીખે છે તેવું બીજે કયાંયથી શીખતો નથી !

વિનય અને સંસ્કારનું શિક્ષણ તેને ઘરમાંથી જ મળે છે. જે ઘરમાં અસંસ્કારીતા અને કલુષિત વાતાવરણ હોય ત્યાં ઘડતરના મોટા પ્રશ્નો સર્જાતા હોય છે. મોટે ભાગે મા-બાપ પોતાનું આદર્શ વર્તન બાળકો સમક્ષ મૂકવામાં સદંતર નિષ્ફળ જતા હોય છે. મા-બાપ માટે, નાની લાગતી વાત કે ઘટના બાળક માટે ઘણી મોટી સાબિત થતી હોય છે. બાળપણમાં બનેલી કોઈપણ ઘટનાની સારી-નરસી અસર મન ઉપર આજીવન રહે છે. બાળકના નિર્દોષ અને નિર્મળ મનમાં સારી ઘટનાઓ, સારા બનાવો અને તેના વ્યકિતત્વને પોષક બને તેવાં ઉદાહરણો પૂરા પાડવાની પેરેન્ટસની મોટી જવાબદારી છે. બાળકને એવા પ્રસંગોમાં કયારેય ન મૂકવો કે જેમાં તેને ખોટું બોલવાથી ફાયદો થતો હોય ! સાચુ બોલવાથી તત્પુરતુ નુકસાન થશે પરંતુ લાંબેગાળે ફાયદો છે તે વાત બાળકને સમજાવવામાં મોટે ભાગે પેરેન્ટસ નિષ્ફળ જતા હોય છે. પરિણામે બાળકને નાનપણથી જ ખોટું બોલવાની આદત પડી જાય છે.ખોટું બોલવું ને સુ-ઘડતરને બારમો રાહુ છે.

આ ઘટના માત્ર કઢી પુરતી મયાદિત ન રહેતા બાળકના ઘડતરમાં ટર્નીંગ પોઈન્ટ બની શકે છે. દરેક વખતે રસોઈ સારી જ બને એવું નથી. રસોઈ છે કયારેક બગડે પણ ખરી, તેમાં મોં બગાડવાને બદલે મીઠુ-મરચુ-લીંબું ઉમેરીને પોતાને ગમતો ટેસ્ટ મેળવી શકાય છે. જો પપ્પાએ તેના દીકરા જેવું વર્તન કર્યું હોત તો તેની પત્ની તો દુઃખી થાત જ પરંતુ તેનો દીકરો આવું વર્તન કાયમ માટે શીખી જાત.ઘર બને છે ગૃહિણી થકી. તેના ગમા-અણગમા અને ટેન્શનનો વિચાર કરી તેની કાળજી લેવાની દરેક સંસ્કારી કુટુંબના સભ્યોની ફરજ બને છે. ઘરમાં બનતી દરેક ઘટના અને પ્રસંગની બાળકના મન ઉપર શી અસર પડશે ? તેની મા-બાપે આગોતરી કાળજી રાખવી ઘટે. બાળકને એક વ્યકિત તરીકે સ્વીકારવાથી અને તેના ગમા-અણગમાને ધ્યાને લેવાથી કેટલીક અરુચિકર બાબતોને નિવારી શકાય છે. બાળક ભલે નાનું છે પણ તેનું સન્માન પુષ્પ છે આ બાબતનું ધ્યાન રાખવાથી બાળકના ઘડતરમાં ધાર્યો ઘાટ આપી શકાય છે.

**મિસરી**

''હું ને તમે બસ, એમજ જીવન-જીવન રમતાં રહીએ એક મેકને ગમતાં રહીએ.''

**- કીર્તિકાન્ત પુરોહિત**

- santoshdevkar03@gmail.com

# ફાટ્યાને તૂટ્યા સંબંધોને થીગડા લગાવો તો ક્યાં સુધી ચાલે ?



વિચારયાત્રા

ડૉ. જય ઓઝા

જીવનમાં કર્તવ્ય નિભાવતાં-નિભાવતાં, જવાબદારી અદા કરતા કરતા કયારેક એવો વિચાર આવે છે કે શું આપણા આ કાર્ય સ્નેહીજન માટે, તેમના આનંદ માટે સંતોષ માટે પર્યાપ્ત રહેશે કે કેમ!

જયારે આપણે એમ સમજતા હોઈએ કે લોહીનું પાણી કરીને પણ આપણા વ્યક્તિઓ માટે જે જવાબદારી અદા કરવાનું કાર્ય કર્યું છે, તે ખરેખર પ્રામાણિકતાથી, ઈમાનદારી પૂર્વક પાર પાડ્યું છે, જીવનના આ રંગમંચમાં સૂત્રધારનું કપરું કામ ભાગે આવ્યું છે. તે નિભાવવાનો આયાસ આપણે બખૂબી કરતા હોઈએ છીએ, પરંતુ તખ્તા પરના બીજા પાત્રોને જયારે આ પ્રયાસમાં કાંઈક ઊણપ વર્તાવા લાગે... ત્યારે સૂત્રધાર નોંધારો થઈને ભાગી પડે છે.

ધન અને સ્નેહની બાબતમાં તદ્દન ઊલટી સ્થિતિ છે. ધનની બાબતમાં દેણદાર કરતાં લેહદારનું સ્થાન ઊંચું હશે પણ સ્નેહની બાબતમાં લેનારા કરતા આપનારો ઊંચો છે.

કોઈ પણ માણસની જિંદગી ખરેખર તો એકલતાની યાત્રા છે... સંબંધ લોહીનો હોય કે લાગણીનો. પરંતુ જયારે ધાર્યો પ્રતિસાદ ન સાંપડે ત્યારે દિલમાંથી ન સંભળાય તેવી ટીસ ઊઠે છે.

વાસ્તવમાં દરેક સહૃદયી વ્યક્તિ પોતાની જવાબદારી પ્રામાણિકતાથી બજાવતો જ હોય છે... પરંતુ વધુ અપેક્ષા અથવા કહો કે ખોટી અપેક્ષાઓ જ તેને અધમૂઓ બનાવી દે છે...

કોઈનો પ્રેમ કદી ઓછો હોતો નથી
આપણી અપેક્ષાઓ જ વધારે હોય છે...

હરિન્દ્ર દવે આ મહાન પંક્તિઓ કહી ગયા તે શું આપણે જ આત્મસાત્ કરવી આવશ્યક છે...

આ સંસારમાં માણસ માણસ વચ્ચેનાં લાગણીનાં તમામ વહેવારોમાં કોઈ ન્યાય માંગતુ નથી... પ્રેમ જ માગે છે... ઘર એ કોઈ કોર્ટ રૂમ નથી કે જ્યાં સાબિતી અને પુરાવા રજૂ કરીને સ્નેહનો ન્યાય માંગતા ફરીએ...

ઘર એ તો મંદિર છે... તેના અપેક્ષા પ્રેમની જ રાખવામાં આવે છે, ન્યાયની નહિ.

શા માટે પિતા-પુત્ર વચ્ચે એક અદશ્ય રેખા હોય છે! મધ્યમવર્ગીય પિતા જયારે (એક સાંધે ત્યાં તેર તૂટે ! જેવી પરિસ્થિતિમાં પણ પુત્રની દરેક ઈચ્છા પૂરી કરતા હોવા છતાં... માત્ર બીજાનું જોઈને પોતાને મોંઘી બાઈક ન મળતા પિતા વિરુદ્ધ અદશ્ય અને પરોક્ષ રૂપે મોરચો માંડે છે... એવી નજરોથી પિતા સામુ જુએ છે કે પિતા સળગી ઊઠે છે... વિચારે કરે છે કે 'કયાં કમ પડ ગયા.'

તેવી જ રીતે દીકરો કે દીકરી જયારે મોટા થઈને ખૂબ જ ઈનામદારીપૂર્વક જવાબદારી વહન કરવાના માર્ગે ચાલતા હોય છે, અને આ માર્ગમાં જો કોઈ નાની શી ભૂલ અથવા તો કહીએ કે ગેરસમજો નો સરવાળો થયો રાખવાથી ઊભી થતી મુશ્કેલી વખતે મોટેરાઓ જે મૌનવ્રત રૂપી અત્યાચાર કરતા હોય છે, તેને હિંસામાં જ ખપાવવો જોઈએ...

'જનરેશન ગેપ'ના રૂપકડાં નામ હેઠળ ઘણી બધી વાતને લાવી દઈને ચૂપચાપ મનમાં શેરડા પાડતાંઆ વડીલોને રાતોરાત એમ શાને લાગવા માંડતુ હશે કો - 'કોઈ કોઈનું નથી રે!'

એવું કહે છે કે સુખને માણસવું હોય તો ભૂતકાળની વેદના સામે રાખીને વર્તમાનની ક્ષણો સાથે મૂલવવી... પરંતુ થાય છે, તેનાથી ઊલટું... ભૂતકાળના દુઃખ વર્તમાનમાં સુખ લાગવા માંડે છે સરખામણી કરતાં વર્તમાનમાં ફક્ત કાંટા જ વાગે ત્યારે સમજવું કે તમે હાથે કરીને કાંટાળો માર્ગ પસંદ કરીને હેરાન થઈ રહ્યા છો.

પતિ-પત્ની વચ્ચેના સંબંધમાં પણ આ નોબત આવે ત્યારે... છેવટે એક મહાન શૂન્ય પેદા થાય છે... કદાચ આપણું હૃદયી વધારે પ્રત્યાર્પણ દોહ્યલુ થઈ જ હશે... સંબંધોની કયારીમાં જયારે અવિશ્વાસના નિંદામણ વધવા માંડે પછી પ્રેમરૂપી પાકને નુકશાન જ થતું હોય છે...

આ બધું પરસ્પર છે, સામ-સામે એકબીજાને જયારે એમ લાગે રાખે કે કર્યાની કોઈ કિંમત નથી ત્યાં હંમેશા નવી સમસ્યાઓ જ જન્મ લેતી હોય છે...

તો શું જે કાંઈ આપણે સ્નેહી માટે આત્મીય માટે કરીને છીએ તે પૂરતું નથી હોતું.. વાસ્તવમાં જે કાંઈ પણ કરી છૂટીએ તે આખરે પોતાની માટે જ હોય છે. આપણે કોઈ પર ઉપકાર નહી કરતા...

માણસના દુઃખને ઓગાળી નાખનારું રસાયણ 'પ્રેમ' છે, અને ઈશ્વરે આ શક્તિ માણસને જ આપી છે... જયારે સઘળું દઈ દીધા પછી પણ સામે તૃપ્તિનો અહેસાસ ન થાય ત્યારે ફાટી પડવા જેવી સ્થિતિ થઈ જાય છે...

શું આ સ્વાર્થીપણું છે ? અજંપ છે, કે પછી અદશ્ય કોઈ ટીસ છે તે સમજાતું નથી... પરંતુ કશુંક મરી જાય પછી કયારેય... પાછું સજીવન થતું નથી... આપણા અથાક પ્રયત્ન થતા હોવા છતાં પણ... કારણ કે...

ફાટ્યા ને તૂટ્યા સંબંધોને થીગડા લગાવો
તો ચાલે ક્યાં સુધી ?
એક વાર મન માહે પડતી તિરાડ પછી આપમેળે
લંબાતી ચાલે
અણિયાળા શબ્દોના આછેરા સ્પર્શથી
તૂટે જ્યાં લાગણીના માળા
ઉપડી પડે રે પછી વ્હાલના પોપડા
ભીથર જુઓ તો અગન જવાળા
હાલતી હવેલીને કયાંથી બચાવો
જ્યાં મૂળમાંથી પાયાઓ હાલે...
પાસે પાસે તો હવે રહેવાના ડોળ ફક્ત
મન તો છેટાં ને ખૂબ આઘાં
કાંકરીભાર નહીં ખમતા સંબંધ હવે
પહેરે છે કાચના જ વાધા
તૂટ્યા ને ફુટ્યા સંબંધોનો કાટમાળ
લટકે પાંપણની દીવાલે...
ફાટ્યા તે તૂટ્યા...

**- મુકેશ જોષી**

ખરુ ને ! મુકેશ જોષીએ કયાંક ને કયાંક તમારા અને મારા મનની વાત કરી નાખી છે ને !...

- jayuoza@gmail.com,
Mo. 9898046488

# વણદેખાતા દીવડા જેવી દીકરી એટલે જીવતરનું અજવાળું



અજવાળું - અજવાળું

તુષાર જોશી

બીજી બધી વાત તડકે મૂક, પહેલા મને એ કહે કે મારા પપ્પાની તબિયત કેમ છે?

જુગનુએ પૂછ્યું. એના અવાજમાં સાહજિક ચિંતા હતી એટલે કહ્યું કે મારે જ્યાં જવાનું હતું ત્યાં સુધી તારા પપ્પા સેલ્ફ ડ્રીવન કારમાં મને મૂકી ગયા એટલા સ્વસ્થ છે ત્યારે એને હાશ થઈ અને પછી નિરાંતે વાતોએ વળગી.

સામાન્ય રીતે બનતું હોય છે એમ જુગનુ સાથે સ્કૂલ-કોલેજમાં ભણવાનું થયું નહતું કે ન એની સાથે નોકરી કરી હતી. કોમન ફ્રેન્ડ્ઝના ગૃપમાંથી એક સામાજિક સંસ્થાના કાર્યોમાં જોડાવાના કારણે એની સાથે દોસ્તી થઈ હતી. રોજિંદો પરિચય પારિવારીક મિત્રતામાં પરિણમ્યો અને એટલે દોસ્તી વધુ ઘનિષ્ટ બની. રોજ-રોજ મળવાનું એવું યે નહીં પણ જ્યારે ને જ્યાં મળીએ ત્યારે જિંદગી જાણે જલસો હોય એમ આનંદથી જીવી લેવાનું... એના મમ્મી-પપ્પા અને ભાઈ એમ પૂરા પરિવાર સાથેની દોસ્તી-તમામ પ્રસંગોએ સાથે હોવું એ દોસ્તીનો-પ્રેમનો અહેસાસ કરાવનાર ગૌરવપૂર્ણ સંબંધ બની રહ્યો હતો.

જુગનુને એની પસંદનો રાજકુંવર મળી જતા એ લગ્ન કરીને સ્થાયી થઈ મુંબઈમાં... અલપઝલપ ક્યારેક વળી ફોનથી સંપર્ક થઈ જતો... બે દાયકા પસાર થઈ ગયા રૂબરૂ મળવાને... એક દિવસ અચાનક વતનના ગામમાં જવાનું થયું એક લગ્ન પ્રસંગે-જાનૈયાઓમાં એના પપ્પા-મમ્મી પણ સામેલ હતા. બે દાયકા બાદ એમને રૂબરૂ મળવાનું થયું. આદરપૂર્વક પગે લાગીને મળ્યો-પ્રેમથી ખૂબ વાતો કરી એક યાદગાર સેલ્ફી એમની સાથે લીધી... એમણે જ કહ્યું બેટા, તારે ગાડીની જરૂર હોય તો લઈજા, અને અત્યારે ચાલ મારી સાથે, ઘરે જઈએ, તું નવા ઘરે નથી આવ્યો, વાતો કરીએ વીતેલા વર્ષોના સુંદર સંભારાણાઓની અને આજના તારા જીવનની...

એંસી વર્ષે પણ પૂર્ણ સ્વસ્થ આરોગ્ય ઈશ્વરે એમને ચાલું હતું સેલ્ફ ડ્રાઈવ ગાડી કરીને પરત ઘરે ગયા હતા. એમની સાથેનો ફોટો જુગનુને વ્હોટસએપમાં મોકલ્યો એટલે તુરંત ફોન આવ્યો તું ક્યાં છો?

આપણા ગામમાં એક લગ્ન પ્રસંગે આવ્યો છું. તારા પપ્પા મળ્યા બહુ વાતો કરી. ના જવાબમાં જુગનુએ લેખના આરંભે લખેલું વાક્ય કહ્યું... ઉંમર સાથે જોડાયેલી બીમારીઓ અને એકાદ ઓપરેશન બાદ ધીમે ધીમે આરોગ્ય સ્વસ્થતા પ્રાપ્ત કરી રહેલા પિતાની એને ચિંતા હતી. જૂના મિત્ર પાસેથી સાચી વાત જાણવા મળશે એ ભરોસા સાથે તેણીએ પિતાના આરોગ્યની પૃચ્છા કરી પૂર્ણ રીતે આનંદિત છે સમાચાર જાણીને હાશ થઈ એક વહાલસોયી દીકરીને...

●●●

અનુભવ કહે છે કે દીકરીથી બાપ ક્યારેય દૂર નથી હોતો-લગ્ન પહેલા બાપનો અવાજ સ્હેજ ભારે થાય તો એ શરદીના દેશી ઉપાયો કરી નાખે, બાપ ને શું ભાવે ને શું ન ભાવે, બાપને કયો અભિનેતા કે અભિનેત્રી ગમે અને કઈ ના ગમે, એના જૂના-સંબંધો અને વર્તમાનના મિત્રો-સખીઓ આ બધાની કાળજી હંમેશાં દીકરો રાખે છે.

બાપ બીમાર થાય ત્યારે એમને આપવાની દવાઓ-કરાવવાના ટેસ્ટ ને રીપોર્ટસના સમય બાબતે દીકરી વિશેષ કાળજી રાખે છે. એથી જ સાસરે ગયેલી દીકરીને પાંચ દિવસે ને પચ્ચીસ વરસે પણ એના પિતાના સ્વાસ્થ્યની હંમેશા ચિંતા રહે છે એના ક્ષેમકુશળના સમાચાર મળે ત્યારે એ દીકરીને હાશ થાય છે ને આવા સમયે દીકરીના પ્રેમનો વણ દેખાતો દીવડો પ્રગટે છે ને દીકરીનું અજવાળું રેલાય છે.